# આસપાસ ચોપાસ

## એક અનાથ બાળક બન્યો ધારાસભ્ય



યુવાનીમાં જ ઈચ્છાશક્તિ અને નેતૃત્વના ગુણો ખીલી ઊઠે છે, એવું ઉદાહરણ રામજીભાઈ હીરાભાઈ વસાવાના જીવનમાં જોવા મળે છે. આજથી લગભગ પાંચ દાયકા પહેલાં સાતપુડાના ઈકો પોઈન્ટમાં વસેલા રાજપીપળાના કૉલેજકાળમાં ગોપાલિયા ગામના આ યુવાને 'GS' (જનરલ સેક્રેટરી) બન્યા બાદ પાછળ ફરીને જોયું નહીં. કોંગ્રેસ પક્ષ દ્વારા ડેડિયાપાડા વિધાનસભા બેઠક પરથી બે વખત ધારાસભ્ય તરીકે ચુંટાયેલા આ નેતાની આજે ઢળતી ઉમરે પથારીવશ અવસ્થામાં પણ ગ્રામજનો સંસ્મરણો યાદ કરે છે. રામજીભાઈની જીવનકથા સંઘર્ષમય છે. અનાથ હોવાને કારણે કુંડીઆંબા સહિતના અન્ય ગામના વડવાઓએ તેમના અભ્યાસ માટે સહકાર આપ્યો. બાળપણમાં પરિવારનો આશરો ન હોવા છતાં, તેઓ ભણવામાં હોંશિયાર હતા. તેમણે રાજપીપળાના અનાથ આશ્રમમાં પોતાનું ભણતર ચાલુ રાખ્યું. રાજપીપળા ભૂતકાળમાં 'વિદ્યાધામ' તરીકે ઓળખાતું હતું, જ્યાં તેમણે ગ્રેજ્યુએશન માટે BAમાં પ્રવેશ મેળવ્યો. કોલેજમાં તેમની યુવાનીમાં નેતૃત્વના ગુણો જોવા મળ્યા, જેના પરિણામે વિદ્યાર્થીઓના સહયોગથી તેઓ GS પદ સુધી પહોંચ્યા. કોલેજકાળ દરમિયાન તેમના નેતૃત્વના ગુણોએ કૉંગ્રેસના વરિષ્ઠ નેતાઓનું ધ્યાન આકર્ષિત કર્યું. કોંગ્રેસ પક્ષમાં સક્રિય કાર્યકર તરીકે તેમની સંઘર્ષયાત્રા શરૂ થઈ. એ સમયે અંતરિયાળ વિસ્તાર હોવાથી, તેઓએ ઘરેડમાંથી મજબૂત રસ્તા, પાણી-વાહન વ્યવહાર અને શિક્ષણ માટે ગામડાંને સુવિધાઓ મળી રહે તેવી મહત્ત્વની ભૂમિકા ભજવી. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસે તેમને તાલુકા પંચાયત માટે ઉમેદવાર બનાવ્યા, જેમાં તેઓ સભ્ય તરીકે ચુંટાયા. પક્ષે તેમનામાં ભવિષ્યનો નેતા જોયો અને તેમને ડેડિયાપાડા તાલુકાની 'એસેટ' ગણાવી. તેમના સંઘર્ષમય જીવનને કારણે લોકોની સમસ્યાઓને પારખવાની તાકાત ધરાવતા આ નેતાને તાલુકા પંચાયતના પ્રમુખ પદની જવાબદારી સોંપવામાં આવી. થોડા સમય બાદ ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવી. વર્ષ-1980માં કોંગ્રેસ પક્ષે ડેડિયાપાડા વિધાનસભા બેઠક પર રામજીભાઈ વસાવાને તક આપી. તેમણે વર્ષ-1980 અને 1985માં સતત બે વખત ધારાસભ્ય તરીકે જીત મેળવી. આ ગાળા દરમિયાન તેમણે અંતરિયાળ વિસ્તારોના વિકાસ માટે નોંધપાત્ર કાર્ય કર્યું હતું. રામજીભાઈ અત્યંત સાદગીભર્યું જીવન જીવતા. તેમની ખાસિયત એ હતી કે ધારાસભ્ય હોવા છતાં તેઓ બસમાં મુસાફરી કરીને જનસંપર્ક મજબૂત રાખતા હતા. મુસાફરી દરમિયાન લોકોની સમસ્યાઓ સાંભળીને તેનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરતા હતા. તેમણે શિક્ષણ ક્ષેત્રે વિશેષ ધ્યાન આપીને ડેડિયાપાડાનાં અંતરિયાળ ગામોમાં શાળા નિર્માણ કરાવી હતી. આ પ્રયાસોને કારણે અંતરિયાળ ગામડાંની નવી પેઢી શિક્ષિત બની છે. તેમનું કાર્યક્ષેત્ર એક ક્ષેત્ર સુધી મર્યાદિત ન હતું. તેમણે ખુપર બરસાણ નજીક વિશાળ જગ્યામાં બંધનું નિર્માણ કરાવીને વોટર હાર્વેસ્ટિંગ (જળ સંગ્રહ)ને પ્રોત્સાહન આપ્યું. આ પ્રયાસથી ભૂગર્ભ જળનું સ્તર વધ્યું છે અને આજે આ ગામના લોકો સિંચાઈ આધારિત ખેતી કરી રહ્યા છે. આજે લગભગ 90 વર્ષની પાકટ વયે તેઓ પથારીવશ છે, પરંતુ તેમનો વારસો તેમના પુત્ર દુષ્યંતભાઈ રામજીભાઈ વસાવા આગળ વધારી રહ્યા છે. દુષ્યંતભાઈએ ડિપ્લોમા-EC અને B.E.-EC મેળવી વર્ષ 2008માં BSNL ઈજનેર તરીકે ફરજ બજાવી હતી, પરંતુ સામાજિક જવાબદારીને કારણે તેમણે રાજીનામું આપ્યું. હાલમાં તેઓ આદિવાસી કુળદેવી દેવ મોગરા મંદિરના ટ્રસ્ટી મંડળમાં જોડાયા છે અને સુપેરે જવાબદારી નિભાવે છે. અહીં MBBS ડોક્ટરો, ઈજનેરો, નાયબ કલેક્ટર અને અન્ય રાજ્યોમાં પર્યટન વિભાગના અધિકારીઓ જેવી શિક્ષિત વ્યક્તિઓ પણ બૌદ્ધિક તાકાતના પ્રતીક છે.




## 1973થી 2026: ગોપાલિયા શાળાની 53 વર્ષની શૈક્ષણિક યાત્રા







"શિક્ષણ એ નવી પેઢીના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ સાધન કહેવાય." આ વિચારને સાર્થક કરતી ગોપાલિયા પ્રાથમિક શાળા અનોખો અભિગમ છે. તા.12મી જૂન, 1973ના રોજ ગોપાલિયા ગામમાં એક નાનકડી શાળાનો પ્રારંભ થયો. તે સમયે નળિયા અને વાંસના ખપેડાવાળા ઝૂપડામાં ધોરણ-1થી 7 સુધીનું શિક્ષણ આપવાનો સંઘર્ષ ચાલતો હતો. ગામનો ઉદ્દેશ સ્પષ્ટ હતો કે અહીંનું બાળક ભણીને સરકારી કે ખાનગી ક્ષેત્રમાં રોજગાર મેળવી શકે. શિક્ષણને રોજગારી સાથે જોડતો આ અભિગમ ગ્રામીણ વિકાસની પાયાની વિચારસરણી દર્શાવે છે. સમય બદલાયો અને ગોપાલિયા શાળાએ પણ ગતિ પકડી. વર્ષ-2014માં આ શાળાને નવા સ્વરૂપમાં જોવા મળી. બે અદ્યતન બિલ્ડિંગ્સ, 10 આધુનિક રૂમ અને 162 બાળક, આજે અહીં બાલવાટિકાથી ધોરણ 8 સુધી અભ્યાસ થાય છે. પણ સૌથી ખાસ વાત છે ટેક્નોલોજીનો સમાવેશ. શાળામાં 3 સ્માર્ટ બોર્ડ, 2 પ્રોજેક્ટર, 15 કમ્પ્યુટરથી સજ્જ કમ્પ્યુટર રૂમ અને સાયન્સ લેબ છે. ધો.6થી 8નાં બાળકો જાતે સ્માર્ટ બોર્ડ ઓપરેટ કરી શીખે છે. આ છે ડિજિટલ સાક્ષરતાની અસર. શિક્ષણ સાથે સ્પર્ધાત્મકતા પણ જોડાઈ છે. ગયા વર્ષે વિજ્ઞાન મેળામાં શાળાએ તાલુકા કક્ષાએ નંબર મેળવ્યો હતો. ઉપરાંત બાળાઓ માટે સેલ્ફ ડિફેન્સ તાલીમ અને અન્ય સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ આયોજિત કરાય છે. આજે ગોપાલિયા પ્રાથમિક શાળા એ સાબિતી છે કે ગ્રામ્ય વિસ્તારમાં પણ ગુણવત્તાયુક્ત શિક્ષણ શક્ય છે. નળિયાવાળા ઘરથી સ્માર્ટ બોર્ડ સુધીની આ યાત્રા ફક્ત શાળાની જ નહીં, પણ સમગ્ર સમાજની પ્રગતિની કહાની છે. શિક્ષણ જ ખરેખર ભવિષ્યનો પાયો છે અને ગોપાલિયા તેનું જીવંત ઉદાહરણ છે.

ગોપાલિયા ગામે ભાથીજી મહારાજની મૂર્તિ



## ખેતીમાં આધુનિક ટેક્નિક અપનાવવા માટે યોજાય છે સેમિનાર

આગાખાન ગ્રામ સમર્થન દ્વારા સિંચાઈના કામને કારણે ઘણા ખેડૂતો પિયત આધારિત ખેતી તરફ વળ્યા છે. ખેતીમાં આધુનિક ટેક્નિક અપનાવવા માટે ગામમાં સેમિનારોનું આયોજન પણ થાય છે. આ ઉપરાંત, ગામના ઘણા સરકારી નોકરિયાતો સક્રિય છે, જે ગામના કામો માટે સજાગ રહે છે. ગામને હરિયાળું બનાવવા માટે કિશોરભાઈએ વન વિભાગ અને વન સમિતિ સાથે મળીને વૃક્ષારોપણ કરાવ્યું છે. કેટલીક જગ્યાએ માઈક્રો ફોરેસ્ટ અને ગોબર ગેસ પ્લાન્ટ જેવી પર્યાવરણને અનુકૂળ સુવિધાઓ પણ શરૂ કરવામાં આવી છે. તેઓ છોડમાં હંમેશાં રણછોડ એવા મંત્ર સાથે પર્યાવરણ સંરક્ષણમાં માને છે. ગામમાં આરોગ્ય સેવાઓ સુધારવા માટે PHCનું નવું સ્ટ્રક્ચર બનાવવામાં આવ્યું છે.



## ગ્રામ પંચાયતે અપનાવ્યું ડિજિટલ માધ્યમ

કિશોરભાઈ વસાવાની આગેવાની હેઠળ ગોપાલિયા ગામ માળખાગત, શૈક્ષણિક, સ્વાસ્થ્ય, ખેતી અને પર્યાવરણ ક્ષેત્રે નવા સીમાચિહ્નો સ્થાપિત કરી રહ્યું છે. તેમનો 'સંપ થઈને કામ કરવા'નો મંત્ર આજના યુગમાં ગ્રામીણ વિકાસ માટે પ્રેરણારૂપ છે. સાંપ્રત યુગમાં ઝડપી કામગીરી માટે તેમણે ડિજિટલ માધ્યમને અપનાવ્યું છે. દરેક ઘરના વોટ્સએપ નંબર સાથે જોડાઈને, પંચાયત ભવિષ્યમાં KYC સહિતની માહિતી વોટ્સએપ દ્વારા આપવામાં આવે છે. જેના કારણે દરેક નાગરિક સુધી ઝડપી અને પારદર્શક સંચાર પહોંચી રહ્યો છે.

## ગોપાલિયા ગામની અનોખી પહેલ: દર્દીઓને મદદ માટે હેલ્પ ગ્રુપ સક્રિય

ગોપાલિયા ગામે સામૂહિક સહકારનો એક અનોખો દાખલો બેસાડ્યો છે. અહીં કોઈ ગરીબ પરિવારનું કોઈ સભ્ય બીમાર પડે અને તેની સારવાર માટે આર્થિક તકલીફ ઊભી થાય, તો ગામનું હેલ્પ ગ્રુપ તરત જ કાર્યરત થઈ જાય છે. આ હેલ્પ ગ્રુપમાં ગામના સરકારી નોકરિયાતો અને સધ્ધર પરિવારો સાથે મળીને યથાશક્તિ ફંડ એકત્ર કરે છે. આ ભંડોળ બીમાર દર્દીઓની સારવાર માટે ઉપયોગમાં લેવાય છે. આ પહેલથી ગામના લોકોમાં એકતા અને આત્મીયતાનો ભાવ વધ્યો છે. ગામના સરપંચ કિશોરભાઈ વસાવાએ જણાવ્યું કે, અમારું હેલ્પ ગ્રુપ માત્ર ગામના લોકો સુધી મર્યાદિત નથી. અન્ય ગામોમાં કોઈ વિપદા આવી પડે તો પણ અમે શક્ય તેટલી મદદ કરીએ છીએ. અમારો પ્રયાસ હોય છે કે "ફૂલ નહીં તો ફૂલની પાંખડી" જેટલી મદદ કરી શકાય.'' ગોપાલિયા ગામની આ પહેલ સાબિત કરે છે કે જ્યાં વ્યવસ્થા તંત્ર ક્યારેક ધીમી પડી જાય છે, ત્યાં સ્થાનિક સમુદાયની સંગઠિત શક્તિ અને સહાનુભૂતિ જીવનરક્ષક સાબિત થઈ શકે છે.

ગોપાલિયા ગામનું દેવળ





ગોપાલિયામાં આજે પણ વડીલો ધાર્મિક પરંપરા નિભાવી રહ્યા છે





ગોપાલિયા ગામનાં ફળિયાં



(માહિતી સંકલન અને તસવીર: જયદીપ વસાવા-ચિકદા)